# અંદમાનની ફેક ટૂર, DGVCLના કર્મીએ રૂ.1.10 લાખ ગુમાવ્યા

**જમાઈના** જન્મદિવસ નિમિત્તે સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈ બુકિંગ કરાવવું ભારે પડ્યું

સુરતઃ જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા અને ડીજીવીસીએલ વિજીલન્સ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતાં ૫૬ વર્ષીય આધેડ પાસેથી અંદમાન નિકોબાર ટૂર પેકેજ અને ફ્લાઈટ બુકિંગના નામે ભેજાબાજ ઠગે રૂ.૧,૧૦,૧૦૦ની માતબર રકમ પડાવી લીધા હતા.

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતા અને ડીજીવીસીએલ વિજીલન્સમાં નોકરી કરતાં વિનોદચંદ્ર વેસુવાલાએ ગત તા. ૨૧/૦૭/૨૦૨૬એ ફેસબુક પર અંદમાન નિકોબાર ટ્રાવેલિંગની એક જાહેરાત જોઈ વેબસાઈટમાં જણાવેલા મોબાઈલ નંબર ૮૨૮૭૫૭૯૦૪૨ પર સંપર્ક કર્યો હતો. વિનોદચંદ્રના જમાઈ પ્રજેશભાઈ ગાંધીનો ૨૫ સપ્ટેમ્બરે જન્મદિવસ હોવાથી તેમણે પરિવારના ૫ સભ્ય માટે ૨૪ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન અંદમાન ફરવા જવાનું આયોજન કર્યું હતું. સામેવાળા શખ્સે ૫ લોકો માટે રૂ.૧,૬૦,૦૦૦નું ટૂર પેકેજ ઓફર કર્યું હતું. વિનોદચંદ્રએ રૂ.૬૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. ઠગે 'નાણાં મળ્યા નથી' તેમ કહી તા. ૧૪/૦૮/૨૦૨૬એ રૂ.૧૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ ટિકિટ માંગતા આરોપીએ વધુ રૂ.૫૦,૦૦૦ની માંગણી કરતાં રકમ મોકલી આપી હતા. જે બાદ અવારનવાર પૂછપરછ કરવા છતાં આડાઅવળા જવાબો આપતા અને બાદમાં ફોન ઉપાડવાના બંધ કરી દેતા વિનોદચંદ્રએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી અને પોલીસ સ્ટેશન પહોંચી વેબસાઈટના સંચાલક પૃથ્વીરાજ શર્મા નામના ધારક સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. જહાંગીરપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લોકોની દિવાળી બગડશે: IRCTCનું સર્વર ડાઉન થતાં ટિકિટ બુકિંગ ઠપ્પ

**સવારે** 8 વાગ્યે IRCTCની વેબસાઈટ અને એપ રહસ્યમયી રીતે ઠપ્પ થઈ જાય છે

**રેલવેની** ટિકિટ વિન્ડો અને PRS સેન્ટર્સ પર પણ લાંબી લાઈનો

**દિવાળી** વેકેશન માટે ટ્રેનની ટિકિટ મેળવવી જનતા માટે લોઢાના ચણા ચાવવા સમાન

સુરતઃ દિવાળી એટલે વતનમાં સમય વિતાવવાનો સોનેરી મોકો. પરંતુ આ વર્ષે દિવાળી પર વતન જવા કે ફરવા માટે ટ્રેનની ટિકિટ મેળવવી સામાન્ય જનતા માટે લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થઈ રહી છે. 10 નવેમ્બરથી દિવાળીની રજાઓ શરૂ થાય છે. તેના બે મહિના પહેલાં પિક સિઝનનું ટિકિટ બુકિંગ શરૂ થતાં જ રેલવે પ્રવાસીઓની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચી ગઈ છે. દેશભરમાંથી સવારના સુમારે IRCTCની વેબસાઈટ સ્લો થઈ જવાના કે બુકિંગ જ ન લેવાના અહેવાલો સામે આવી રહ્યા છે. રોજ સવારે બુકિંગ ખુલવાના સમયે એટલે કે 8 વાગ્યાથી જ IRCTCની વેબસાઈટ અને મોબાઈલ એપ અચાનક ઠપ્પ જાય છે.

વેબસાઈટ સતત 15થી 30 મિનિટ સુધી અત્યંત ધીમી થઈ જાય છે અથવા તો ટિકિટ બુકિંગની પ્રક્રિયા સ્વીકારતી જ નથી. આ ટેક્નિકલ ખામીના કારણે ઓનલાઈન અને ઓફલાઈન બંને પ્રકારનું બુકિંગ એકસાથે પ્રભાવિત થઈ રહ્યું છે.

### એજન્ટોનો રાતથી જ ટિકિટ વિન્ડો પર ડેરો

સામાન્ય નાગરિકો માટે આ પરિસ્થિતિ વધુ મુશ્કેલ ત્યારે બને છે જ્યારે એજન્ટો સક્રિય થઈ જાય છે. ઓનલાઈન ટિકિટો ન મળવાનો લાભ ઉઠાવીને એજન્ટો આગલી રાતથી જ ટિકિટ વિન્ડો પર પોતાના માણસોને લાઈનમાં ગોઠવી દે છે, જેથી વિન્ડો ખુલે ત્યારે મોટા જથ્થામાં ટિકિટો બુક થઈ જાય. આ ગેરરીતિના કારણે લાઈનમાં ઉભેલા સામાન્ય લોકોને ખાલી હાથે પરત ફરવું પડે છે.

### વેબસાઈટ બંધ છતાં ટ્રેનો ફુલ!

વેબસાઈટ અડધા કે પોણા કલાક પછી જ્યારે રાબેતા મુજબ ચાલુ થાય છે, ત્યારે પરિસ્થિતિ વધુ નિરાશાજનક બને છે. આટલા ટૂંકા સમયમાં જ ટ્રેનોમાં 'નો રૂમ' અથવા સેંકડોની સંખ્યામાં લાંબા વેઈટિંગ લિસ્ટ જોવા મળે છે. કન્ફર્મ ટિકિટ ન મળવાના કારણે તહેવારોની મોસમમાં મુસાફરોને ભારે આર્થિક અને માનસિક ત્રાસ સહન કરવો પડે છે.

### મુસાફરોની મુખ્ય ફરિયાદો

» ટેક્નિકલ વિલંબ: સવારે 8થી 8:30 વચ્ચે IRCTC પેજનું 'લોડિંગ' અટકી જવું.

» પેમેન્ટ ફેલ થવું: પૈસા કપાઈ જવા છતાં ટિકિટ જનરેટ ન થવી.

» ઓફલાઈન હાલાકી: કલાકોની લાઈનો પછી પણ વિન્ડો પરથી ટિકિટ ન મળવી.




# ભટારમાં પાંચ દાયકાથી આસ્થાનું કેન્દ્ર ઓમકારેશ્વર મહાદેવ મંદિર

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

ભટાર વિસ્તારમાં આવેલું ઓમકારેશ્વર મહાદેવ મંદિર અંદાજિત પાંચ દાયકાથી સ્થાનિક શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર છે. શ્રાવણ માસ દરમિયાન સોસાયટી સહિત આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં શિવભક્તો અહીં દર્શનાર્થે આવે છે. ભક્તો ભગવાન શિવને બીલીપત્ર અર્પણ કરી દૂધનો અભિષેક કરે છે અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવે છે. શ્રાવણના સોમવારે મંદિરમાં ભક્તિમય માહોલ જોવા મળે છે. ઉપરાંત મહાશિવરાત્રીના પાવન પર્વે પણ મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્ષોથી ઓમકારેશ્વર મંદિર સ્થાનિક લોકોની શ્રદ્ધા અને ભક્તિનું કેન્દ્ર બની રહ્યું છે.

## છે ને સ્માર્ટ સુરત! કાળમુખી ખુલ્લી ગટરથી ચેતવવા સ્માર્ટ સોલ્યુશન



■ આમ તો આજે સ્માર્ટ ઝેન-ઝીની બોલબાલા સમગ્ર દેશમાં છે પરંતુ સુરતના રિંગ રોડની આ તસવીર જોઈને તમે મનપાના આ કીમિયાને સલામ કરવામાં જરા અચકાશો નહીં. રિંગ રોડ ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસેના માર્ગ પર ગટરનું ઢાંકણ તૂટી ગયું છે અને આ ખુલ્લી ગટરમાં કોઈ નિર્દોષ ખાબકે નહીં તે માટે સેફ્ટી કોન સીધું નહીં પણ ઊલટું મૂકીને ચેતવવામાં આવી રહ્યા છે. છે ને સ્માર્ટ સોલ્યુશન!!! (તસવીરઃ સતીષ જાદવ)

# ગણેશજીનો શણગાર જોવા નીકળેલા યુવકને પાલિકાના ડમ્પરે કચડી નાંખ્યો

**ભાઠેના** બ્રિજ નજીક મનપાના ડમ્પરે બાઈકને પાછળથી ટક્કર મારતાં યુવકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત



સુરતઃ ગણેશજીની મૂર્તિના શણગાર અને ડેકોરેશનની તૈયારીઓ જોવા મિત્રો સાથે નીકળેલા પરવટ ગામના ૨૬ વર્ષીય યુવકને ભાઠેના બ્રિજ નજીક કાળ બનીને ધસી આવેલા મનપાના કચરાના ડમ્પરે અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ પર્વતગામમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ સ્થિત એકતા નગરમાં રહેતો 26 વર્ષીય શંકર નારાયણભાઈ ચરાઠે ઓનલાઈનની ઓફિસમાં નોકરી કરી પત્ની અને એક પુત્રનું ભરણપોષણ કરતો હતો. શંકરના બે વર્ષ પહેલાં જ લગ્ન થયા હતા. મંગળવારની મધરાતે શંકર પોતાના પાંચ મિત્રો સાથે ત્રણ બાઈક પર પોતાના ગ્રુપના ગણપતિની મૂર્તિના શણગાર અને ડેકોરેશનની તૈયારીઓ જોવા મૂર્તિકાર પાસે જઈ રહ્યો હતો. દરમિયાન તેઓ ભાઠેના બ્રિજ નજીક બિસ્મિલ્લા ચોકડી પાસે પાછળથી પૂરપાટ ઝડપે ધસી આવેલા મનપાના કચરાના ડમ્પરના ચાલકે શંકર અને સાગર સવાર બાઈકને જોરદાર ટક્કર મારી હતી. શંકર બાઈક પરથી નીચે પટકાઈ ડમ્પરના પૈડા નીચે આવી ગયો હતો. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચલાવી રહેલા સાગર ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મૃતકના મિત્રોએ ડમ્પર ચાલક નશાની હાલતમાં હોવાનો આક્ષેપ કર્યો હતો. જોકે આ અંગે પોલીસ તપાસ બાદ હકીકત સામે આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત ઝોનમાં બેંક ઓફ ઈન્ડિયાના 121મા સ્થાપના દિવસની ઉજવણી



સુરતઃ બેંક ઓફ ઈન્ડિયાના 121માં સ્થાપના દિવસ નિમિત્તે બેંક ઓફ ઈન્ડિયા, સુરત ઝોન દ્વારા 59 શાખાઓમાં ઉજવણી કરવામાં આવી હતી. જે 7 જિલ્લાઓ તથા કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં કાર્યરત છે. આ શાખાઓ સુરત, ભરૂચ, નર્મદા, તાપી, નવસારી, ડાંગ, વલસાડ તથા કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આવેલી છે. શાખાઓમાં ગ્રાહક મિલન સમારોહ તથા કેક કટિંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંક ઓફ ઈન્ડિયા, ઘોડદોડ રોડ, સુરત ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ઉપરાંત, ગ્રાહકો અને સ્ટાફ માટે મફત સર્વગ્રાહી આરોગ્ય તપાસ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ શાખાઓ દ્વારા સરકારી શાળાઓના બાળકોને પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંજે ટાઉન હોલ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝોનલ મેનેજર રાજેશ કુમારે જણાવ્યું હતું કે, 'બેંકે તેની ગૌરવપૂર્ણ 121 વર્ષની સફર પૂર્ણ કરી છે'.

### સુરતના ટેબલ ટેનિસ ખેલાડી વિવાન દવેએ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા



સુરતઃ માત્ર ૧૪ વર્ષની ઉંમરે, સુરતનો ટેબલ ટેનિસ ખેલાડી વિવાન રશેષ દવે આંતરરાષ્ટ્રીય સર્કિટ પર પોતાની છાપ છોડી રહ્યો છે. તેણે મંગોલિયામાં વર્લ્ડ ટેબલ ટેનિસ યુથ કન્ટેન્ડર ઉલાનબતાર ૨૦૨૬ ખાતે અંડર-૧૫ બોયઝ સિંગલ્સમાં સિલ્વર મેડલ જીત્યો અને ત્યારબાદ તાશ્કંદ, ઉઝબેકિસ્તાનમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિમિટેડનો ભાગ એવી અદાણી હજીરા પોર્ટ લિમિટેડ તરફથી મળેલી નાણાકીય સહાયતાએ તેને આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવામાં મદદ કરી છે.

### લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા પરિમલ વ્યાસને એક્સેલેન્ટ ડિસ્ટ્રિક્ટ ચેરમેન એવોર્ડ અપાયો



સુરતઃ લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232 F2 દ્વારા સુરત અવધ ઉટોપીયા ખાતે તત્કાલીન પૂર્વ લાયન્સ ગવર્નર શ્રીમતી મોના દેસાઈ દ્વારા આયોજીત એવોર્ડ વિતરણ સમારંભમાં સુરતના ખ્યાતનામ સિવિલ ઈજનેર અને અગ્રીમ સામાજીક કાર્યકર્તા પરિમલ વ્યાસને તેમણે ૨૦૨૫-૨૬ દરમ્યાન કરેલ થેલેસીમીયા અને સ્ટેમસેલ જાગૃતતાના અનુસંધાનમાં કરેલ નેત્રદિપક કામગીરી તથા નોંધપાત્ર યોગદાન બદલ પૂર્વ વાઇસ મલ્ટિપલ કાઉન્સિલ ચેરમેન મુકેશભાઈ પટેલને હસ્તે 'એક્સેલેન્ટ ડિસ્ટ્રિક્ટ ચેરમેન' ના અવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરના પ્રમુખ ડો. પ્રદીપ પેઠે, ઉપપ્રમુખ રાજેન્દ્ર ચોખાવાલા, માનદ્મંત્રી ડો. પ્રણવ દેસાઈ, હરેશ મહેતા, નીલકંઠ દેસાઈ તથા મેનેજિંગ કમિટીના સભ્યોએ અભિનંદન આપ્યા હતા.

### પ્રદૂષણને હટાવે તેને પર્યુષણ કહેવાય: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

ભીવંડી: શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પ્રારંભ થયો હતો. આ પાવન અવસરે જૈન સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. આચાર્યએ પર્યુષણ પર્વનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે, પ્રદુષણને હટાવે તેને પર્યુષણ કહેવાય. અત્યારે પર્યાવરણ દુષિત થયું છે એટલું જ નહીં પણ મન, વચન અને કાયાના ક્ષેત્રે ભયંકર પ્રદુષણ ફેલાયું છે. ભલભલાનાં તન, મન અને જીવન ભ્રષ્ટ થયાં છે. ટેકનોલોજીનો વ્યાપ એટલો બધો વધતો ગયો છે કે જેનાં કારણે માણસ માનવ મટી મશીન બની ગયો છે. મશીન પાસે સંવેદના નથી હોતી તો આજના માણસમાં પણ ધીમે ધીમે સંવેદના ગાયબ થઇ રહી છે.

# નર્સરી માટે સરકારી જમીનના નામે રૂ.10.50 લાખની ઠગાઈ

**નાનપુરાની** રોશની એજ્યુકેશન ટ્રસ્ટની નર્સરી માટે જમીન ક્લીયર કરાવી આપવાની લાલચ આપી હતી

સુરતઃ નાનપુરા ખાતે આવેલી રૂમી નર્સરીના સંચાલક અને ટ્રસ્ટી મોહંમદતબરેઝ મોહંમદહુસેન વાડીવાલા સાથે સરકારી યોજનામાં ગયેલી જમીન છોડાવી આપવાના નામે રૂ.૧૨.૫૦ લાખની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

નાનપુરા ગોવર્ધનવાડ ખાતે રોશની એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રૂમી નર્સરી માટે નવી સ્કૂલ બનાવવાની હોવાથી જમીનની જરૂરિયાત હતી. આ દરમિયાન સગરામપુરાના જમીન દલાલ મારફતે મોહંમદતબરેઝનો સંપર્ક સુજાઉદ્દીન ઈલમુદ્દીન કાદરી અને સંજયકુમાર ધીરજલાલ મોદી સાથે થયો હતો. આ બંને શખ્સે કતારગામના ટુંકી ગામના બ્લોક નં. ૭૫ પૈકી ૨ વાળી જમીન, જે સરકારની પાળા યોજના હેઠળ સંપાદિત થયેલી જમીન છોડાવી આપવાની ખાતરી આપી ખર્ચ પેટે રૂ.૨૫ લાખની માંગણી કરીને સુજાઉદ્દીન કાદરી, તેની સાગરીત સામીયા સૈયદ કાદરી, સંજયકુમાર મોદી અને તેની પત્ની સોનલ સંજયકુમાર મોદીના બેંક ખાતાઓમાં રૂ. ૧૨.૫૦ લાખ લઈ લીધા હતા. બે વર્ષથી વધુ સમય વીતી જવા છતાં જમીન કલિયર ન થતાં ફરિયાદીએ નાણાં પરત માંગતા તેમને ધમકી આપી હીત. બાદમાં બે લાખ પરત આપ્યા હતા પરંતુ બાકીના રૂ.૧૦.૫૦ લાખ નહીં આપીને છેતરપિંડી કરતાં પોલીસે તમામ સામે ગુનો નોંધ્યો હતો.

# ITC કૌભાંડમાં ભંગારીઓ પોલીસના શરણે

**બે** વેપારીએ સીતા એન્ટરપ્રાઈઝ વિરુદ્ધ અરજી કરી, પોતાની સાથે વિશ્વાસઘાત થયાનો આક્ષેપ

સુરતઃ રૂપિયા 2000 કરોડથી વધુ રકમના આઈટીસી કૌભાંડમાં નવો વળાંક આવ્યો છે. સુરતના જે પાંચ ભંગારના વેપારીના ખાતામાં મણિપુરની કંપની સીતા એન્ટરપ્રાઈઝ દ્વારા કરોડોની આઈટીસી જમા કરાવાઈ હતી તે પૈકી બે ભંગારના વેપારીએ અડાજણ પોલીસ સ્ટેશન અને સુરત પોલીસ કમિશનરમાં સીતા એન્ટરપ્રાઈઝ વિરુદ્ધ છેતરપિંડીની અરજી આપી છે.

પહેલા કેસમાં શહેરના ગોપીપુરા વિસ્તારમાં આવેલી બરકત એન્ટરપ્રાઈઝના નામે મણિપુરની એક કંપનીએ 675 બોગસ ઈન્વોઈસ ઊભા કરી રૂ.3760 કરોડના ખોટા વ્યવહારો બતાવી રૂ.573 કરોડથી વધુની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે બરકત એન્ટરપ્રાઈઝના પ્રોપરાયટર અબુબકર મોહંમદ આવેદ સોપારીવાલા દ્વારા પોલીસ કમિશનરને લેખિત અરજી આપી ગુનો દાખલ કરવાની માંગ કરવામાં આવી છે. ફરિયાદ મુજબ બરકત એન્ટરપ્રાઈઝ (GSTIN-24MVBPS8626Q1ZL) નિયમિત રીતે GST રિટર્ન ફાઈલ કરે છે. જુલાઈ-2026 નું GSTR-3B રિટર્ન ભરતી વખતે ફરિયાદીના GST પોર્ટલ પર GSTR-2B માં 675 જેટલા શંકાસ્પદ બિલો રિફ્લેક્ટ થયા હતા. આ બિલો સીતા એન્ટરપ્રાઈઝ (GST NO- 14KVFPD2459L6Z6) નામની મણિપુરની ફર્મ દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યા હતા, જેનું સરનામું ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 854, શ્રીજી સોસાયટી, કુમરપરા, બાપુરા, ઈમ્ફાલ, મણિપુર ખાતે આવેલું છે. ફરિયાદીનો સ્પષ્ટ આક્ષેપ છે કે તેમણે આ ફર્મ પાસેથી ક્યારેય કોઈ માલ કે સર્વિસની ખરીદી કરી નથી અને ન તો કોઈ એડવાન્સ આપ્યું છે, છતાં તેમના નામે બોગસ ઈન્વોઈસો ઊભા કરી દેવામાં આવ્યાં છે. આ 675 બિલની કુલ ટેક્સેબલ રકમ રૂ.31,86,52,69,405 છે, જેના પર રૂ. 5,73,57,48,492.90 ની ITC અને કુલ રૂ. 37,60,10,17,897.90 નો વ્યવહાર દર્શાવવામાં આવ્યો છે. આરોપી ફર્મે આ બોગસ બિલો બનાવીને તેને GST ના ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરી દીધા હતા, ફરિયાદીએ સીતા એન્ટરપ્રાઈઝ અને તેની સાથે સંકળાયેલા અન્ય ઈસમો સામે વિશ્વાસઘાત, બનાવટી દસ્તાવેજો બનાવી છેતરપિંડી કરવા હેઠળ ગુનો નોંધી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

### આધ્યા એન્ટરપ્રાઈઝના નામે 4898 કરોડના બોગસ વ્યવહારો

બીજા કેસમાં પુણા વિસ્તારમાં રહેતા અને આધ્યા એન્ટરપ્રાઈઝ (GSTIN - 24CRCPJ0941E1ZB) ના પ્રોપરાયટર જેનીલ જયસુખભાઈ જવાણી દ્વારા અડાજણ પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે. અરજીકર્તાની ફરિયાદ મુજબ મણિપુરની સીતા એન્ટરપ્રાઈઝ (GSTIN - 14KVFPD2459L6Z6) એ તેમના નામે 756 બોગસ ઇન્વોઇસ ઉભા કર્યા છે. જુલાઈ-2026 નું GSTR-3B ભરતી વખતે GSTR-2B માં આ બોગસ બિલો દેખાયા હતા. ફરિયાદીનું કહેવું છે કે તેમણે ક્યારેય આ પેઢી પાસેથી કોઈ માલ-સર્વિસ ખરીદી જ નથી.

# બંડલ ખોવાતાં લિંબાયત ઝોનમાં પટાવાળાઓની સામુહિક બદલી

**વર્ષોથી** એક જ ઝોનમાં ચીટકેલા 20થી 25 પટાવાળાઓને એકસાથે ખસેડાયા

**અધિકારીઓની** સૂચના સામે આનાકાનીની ફરિયાદો વચ્ચે ઓફિસમાંથી બંડલો ગુમ થયાની ચર્ચા

સુરત : મનપાના લિંબાયત ઝોનમાં અચાનક એકસાથે 20થી 25 જેટલા પટાવાળાઓની બદલી કરી દેવામાં આવતાં પાલિકા વર્તુળોમાં તર્ક-વિતર્કનો દોર શરૂ થયો છે. વર્ષોથી એક જ ઝોનમાં ચીટકી રહેલા કેટલાક પટાવાળાઓને એકસાથે અન્યત્ર ખસેડવાના નિર્ણય પાછળનું કારણ શું છે તેને લઈને હવે ચર્ચા તેજ બની છે.

લિંબાયત ઝોનમાં લાંબા સમયથી ફરજ બજાવતા કેટલાક પટાવાળાઓ પેધા પડી ગયા હોવાની અને અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવામાં પણ આનાકાની કરતા હોવાની વાતો અગાઉથી ચર્ચામાં હતી. જોકે અચાનક મોટી સંખ્યામાં બદલી થતાં હવે આ કાર્યવાહી પાછળનું સાચું કારણ શું છે તે અંગે સવાલો ઉઠી રહ્યા છે.

આ સમગ્ર મામલામાં વધુ એક ચર્ચાએ પાલિકા વર્તુળોમાં રહસ્ય ઘેરું બનાવ્યું છે. ચર્ચા એવી છે કે ઝોનના એક અધિકારીની ઓફિસમાંથી કેટલાક 'બંડલો' ગુમ થયા હતા. આ બંડલો શેના હતા, તેમાં શું સામગ્રી હતી અને કેટલા બંડલો ગુમ થયા હતા તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા બહાર આવી નથી. પરિણામે બંડલોની ચર્ચા અને પટાવાળાઓની સામૂહિક બદલી વચ્ચે કોઈ કડી છે કે કેમ તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે. જોકે બંડલો ગુમ થવાના મામલે સત્તાવાર રીતે કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી અને તેની પુષ્ટિ પણ થઈ નથી. તેમ છતાં એકસાથે થયેલી મોટી બદલી બાદ આ મુદ્દો લિંબાયત ઝોનમાં ચર્ચાનો ગરમ વિષય બન્યો છે. હવે પાલિકા તંત્ર આ સામૂહિક બદલી પાછળનું કારણ અને કથિત રીતે ગુમ થયેલા બંડલો અંગે કોઈ સ્પષ્ટતા કરે છે કે કેમ તેના પર સૌની નજર છે.

# સગીરાનું અપહરણ-દુષ્કર્મ કેસમાં દંપતીને ૨૦ વર્ષની સખત કેદ

**પતિના** આ ગુનાના કામમાં પત્ની સુમને મદદગારી કરી હોવાનું પુરવાર થયું

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં બનેલા સગીરાના અપહરણ અને દુષ્કર્મના ગંભીર કેસમાં આરોપી પતિ અને પત્નીને કસૂરવાર ઠેરવી સેશન્સ કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ કેસની વિગત મુજબ પાંડેસરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષ અને ૯ મહિનાની સગીરાનું તા. ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ અપહરણ થયું હતું. ફરિયાદી પિતાની ગેરહાજરીમાં પરિચિત દંપતી ધીરેન્દ્રકુમાર રાજેશકુમાર પંડિત (ઉં.વ.૨૫) અને તેની પત્ની સુમન ધીરેન્દ્રકુમાર પંડિત (ઉં.વ.૨૩) ભોગ બનનાર સગીરાને લગ્નની લાલચ આપી તથા ધમકી આપીને પોતાની સાથે મહારાષ્ટ્રના સિંધખેડા ખાતે લઈ ગયા હતા. ત્યાં આરોપી ધીરેન્દ્રકુમારે સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ ગુનામાં આરોપીની પત્ની સુમન પંડિતે તેને મદદગારી કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ વિશાલ ફળદુની દલીલો, શાળા છોડ્યાના પ્રમાણપત્રના આધારે સગીરાની ઉંમરનો પુરાવો, તબીબી પુરાવા અને પીડિતાના નિવેદનને આધારે એડિશનલ સેશન્સ જજ હિતેશકુમાર મુકુંદરાય વ્યાસે આરોપી ધીરેન્દ્રકુમાર પંડિત અને સુમન પંડિતને ૨૦ વર્ષની સખત કેદની સજા અને બંન્નેને ૫૦-૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો તેમજ ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ પીડિતાને રૂ. ૪,૦૦,૦૦૦ વળતર ચૂકવવાનો નિર્દેશ અપાયો હતો.

### અપહરણ-દુષ્કર્મનો ઘટનાક્રમ

» આરોપી ધીરેન્દ્રકુમારે પીડિતાને લગ્નનું વચન આપીને પોતાની સાથે લઈ ગયો. » આરોપી સુમન પીડિતાને નાની બહેનની જેમ રાખવાની વાત કરીને પતિને મદદ કરી હતી » આરોપી પીડિતાને સિંધખેડા લઈ જઈ મંદિરમાં માથામાં સિંદૂર ભરી અને લગ્ન કર્યાનો દેખાવ કર્યો હતો. » ત્યારબાદ પીડિતા સગીર હોવા છતાં તેની સાથે એકથી વધુ વખત શારીરિક સંબંધ બાંધ્યો હતો » પીડિતાએ તેને ઘરે મોકલવા વિનંતી કરી છતાં આરોપી સુમને મદદ કરી ન હતી » આરોપી સુમને પતિને મદદ અને સહકાર આપ્યો હતો. » આરોપી સુમન જામીન મુક્ત હોય ધરપકડ વોરંટ ઈશ્યુ કરાયું હતું.

# પર્યુષણ પર્વનો બીજો દિવસ આત્મ-સ્વાધ્યાય અને જ્ઞાનનો છે

જૈન ધર્મમાં પર્યુષણ પર્વના બીજા દિવસે આત્મ-સ્વાધ્યાય અને જ્ઞાન મેળવવાની ભાવના વિશેષ રૂપે જાગ્રત કરવામાં આવે છે. મહાવીર સ્વામી જન્મ વાચન તૈયારીમાં કલ્પસૂત્ર અને જૈન ગ્રંથોના વાંચનની શ્રવણયાત્રા આગળ વધે છે, જેમાં મહાવીર સ્વામીના જીવનચરિત્રના પ્રસંગોનું વર્ણન શ્રવણ કરવામાં આવે છે. સાધકો એકાસણું, બિયાસણું કે ઉપવાસ જેવા તપ દ્વારા શરીર અને મનને સંયમિત કરવાનો પ્રયાસ કરે છે. આ જ ના દિવસે તમામ જીવો પ્રત્યે કરુણા દર્શાવવી અને આત્મશુદ્ધિ માટે મન, વચન અને કાયાથી અહિંસાનું પાલન કરવાનો સંકલ્પ લેવાય છે.

